**647510** **MA01GujC0110** **Seat No :________**

# M.A. (GUJARATI) Semester - 1 (*CBCS*) Examination
## Nov/Dec-2023 (SYLLABUS YEAR JUNE-2016)
## BHASHA-SAHITYAKAUSHAL(CORE)

**Time: 2:30 Hours** **Marks: 70**

**Instructions:**

1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન.૧ કવિતાનો આસ્વાદ કરાવો. (૧૪)

એક વેળા આપને જોયાં બહાનું થઈ ગયું,
મારે માટે આ જગત તસ્વીરખાનું થઈ ગયું.

ભાવનાશાળી હૃદય કારણ વ્યથાનું થઇ ગયું,
મહેલમાં વસવાટ, કંટકનું બિછાનું થઈ ગયું.

આપનો નાહકનો મિથ્યા ગર્વ પોષાઈ ગયો,
હાથથી કુદરતના એક સર્જન કળાનું થઈ ગયું.

કોઈને સંધ્યા સમે સત્કારતાં દિલ કહી ઉઠ્યું:
આગમન શું આજ પશ્ચિમથી ઉષાનું થઈ ગયું !

એ જવાનીનાં નશાની આખામાં લાલી હતી,
નામ ત્યાં બદનામ નાહકનું સુરાનું થઈ ગયું.

ભાગ્ય –છાયા પર કિરણ પુરુષાર્થનાં જયારે પડ્યાં,
રાતનો અંધાર અજવાળું ઉષાનું થઈ ગયું.

જિંદગી એવા ય શ્વાસો લઈને જીવ્યો છું ‘ગની’,
કૈક વેળા આ જગત મારા વિનાનું થઈ ગયું.

- ‘ગની’ દહીંવાળા

અથવા

પ્રશ્ન.૧ કવિતાનો આસ્વાદ કરાવો.

ઓચિંતું કોઈ મને રસ્તે મળે ને
કદી કદી ધીરેથી પૂછે કે કેમ છે ?

આપણે તો કહીએ કે દરિયા શી મોજમાં
ને ઉપરથી કુદરતની રહેમ છે.

ફાટેલા ખિસ્સાની આડમાં મૂકી છે અમે
છલકાતી મલકાતી મોજ,

એકલો ઊભું ને તોય મેળામાં હોઉં
એવું લાગ્યા કરે છે મને રોજ,

તાળું વસાય નહીં એવડી પટારીમાં
આપણો ખજાનો હેમખેમ છે... ઓચિંતું...

આંખોમાં પાણી તો આવે ને જાય
નથી ભીતર ભીનાશ થતી ઓછી,

વધઘટનો કાંઠાઓ રાખે હિસાબ
નથી પરવા સમંદરને હોતી.

સૂરજ તો ઊગે ને આથમીયે જાય
મારી ઉપર આકાશ એમનેમ છે... ઓચિંતું...

- ધ્રુવ ભટ્ટ

પ્રશ્ન.૨ ગદ્યખંડનું સાર લેખન કરી યોગ્ય શીર્ષક આપો. (૧૪)

"કુદરત માણસને જીવન બક્ષે છે. એ જીવનને શુદ્ધ, સમૃદ્ધ, પ્રસન્ન, ગંભીર અને વૈવિધ્યપૂર્ણ બનાવવાના પ્રયત્નમાં માણસે સંસ્કૃતિ ખીલવી. પથ્થરમાંથી જેમ મૂર્તિ બનાવીએ છીએ, ધ્વનિમાંથી સંગીત ઉપજાવીએ છીએ, ઘર્ષણમાંથી જેમ જ્વાલા સળગાવીએ છીએ, તેમજ જીવનમાંથી સંસ્કૃતિ ખીલવીએ છીએ. જીવન એ પ્રકૃતિ છે, સંસ્કૃતિ એ એનો ઓપ છે. જીવન જો સંસ્કારિતાનો ઓપ ધારણ ન કરે તો એ પરિપુષ્ટ છતાં કૃતાર્થ થઈ ન શકે અને સંસ્કૃતિ જો જીવનને વફાદાર ન રહે તો પોલાપણું આવે, એટલું જ નહિ પણ વિકૃતિ પેદા થઈને દુર્ગંધ જ છૂટે. જીવન જો ધરતી હોય તો સંસ્કૃતિ એનું સ્વર્ગ છે. એ બે વચ્ચે જો અનુસંધાન ન સધાય તો બંને વ્યર્થ થઈ જાય."

- સુન્દરમ્

અથવા

પ્રશ્ન.૨ ગદ્યખંડનું વિવરણ કરો.

"કૃતિમાં તમારા વ્યક્તિત્વની છાપ જેમ ઓછી રહે એમ તમારી કલા વધારે વિજયી. ક્ષણિક પ્રસંગ ભલે આલેખો, તુચ્છ મનતા વિષય પર ભલે લખો, પરંતુ પેલું ખાબોચિયું ગગનનું પ્રતિબિંબ બની રહે છે, એ જ કલ્પના કીમિયાનો ખરો આદર્શ છે. તુચ્છ, લઘુ, ક્ષણિક કે ક્ષણિકના નિરૂપણમાં, અનંતતા અને અજબતા સાથે સાથે જુએ – એ બતાવે તે જ કલ્પનાનેત્ર, ક્ષરને અક્ષર કરે, અણુને મહાન કરે, આ કાને પેસી બીજા કાને નીકળી જવાની પ્રકૃતિ વાળા શબ્દઝૂમખાને મગજમાં ચોંટાડી દે, સ્વપ્નમાં પણ તેનું રટણ કરાવે, તે કલાનો વિજય અને કવિતાની સિદ્ધિ છે. નવું, સંગીન અને બિનંગત ઉપજાવે છે તે સાહજિક સૌન્દર્ય સેવક જ કવિ."

- બળવંતરાય ઠાકોર

પ્રશ્ન.૩ છંદ એટલે શું? તે સમજાવી તેનાં વિવિધ પ્રકારો ઉદાહરણ સાથે ચર્ચો. (૧૪)

અથવા

પ્રશ્ન.૩ મંદાક્રાન્તા, શાર્દૂલવિક્રીડિત, શિખરણી, પૃથ્વી છંદની સદૃષ્ટાંત ચર્ચા કરો.

પ્રશ્ન.૪ અલંકારની સંજ્ઞા સ્પષ્ટ કરી વર્ણાનુપ્રાસ, શબ્દાનુપ્રાસ, પ્રાસાનુપ્રાસ અલંકારની સદૃષ્ટાંત ચર્ચા કરો. (૧૪)

અથવા

પ્રશ્ન.૪ અલંકાર એટલે શું? તે સમજાવી તેના વિવિધ પ્રકારોનું વિગતે આલેખન કરો.

પ્રશ્ન.૫ ટૂંકનોંધ લખો. (કોઇપણ બે) (૧૪)

1. પ્રૂફ- સુધારણા માટેની મુખ્ય સંજ્ઞાઓ ટૂંકમાં આલેખો.
2. ઉપમા અર્થાલંકાર ઉદાહરણ સાથે ટૂંકમાં આલેખો.
3. જોડણીના મહત્વનાં નિયમો જણાવો.
4. હરિગીત છંદ સદૃષ્ટાંત સમજાવો.

*************************